Gujarati | ગુજરાતી

Australian Government
Aged Care Quality and Safety Commission

Engage
*Empower*
**Safeguard**

# તમે ગુણવત્તા અને સલામત વૃદ્ધ સંભાળ અંગેનો હક્ક ધરાવો છો



**નવો એજેડ કેર કાયદો વૃદ્ધ વ્યક્તિઓના હક્કોને સર્વપ્રથમ મૂકે છે. તે વૃદ્ધ લોકો માટે હક્કોના નિવેદનનો સમાવેશ કરે છે. આ ફેરફારો 1 નવેમ્બર 2025 થી શરુ થયા હતા.**

હક્કોનું નિવેદન એ વાતની ખાતરી કરે છે કે તમે તમારી વૃદ્ધ સંભાળનાં કેન્દ્રમાં છો.તે તમારી સંસ્કૃતિ અને ઓળખનો આદર કરાવવાનાં અને તમારા સમુદાય સાથે જોડાયેલા રહેવાનાં હક્કનો સમાવેશ કરે છે.

તમે સલામત અને આદરણીય અનુભવવાનો અને તમારી સંભાળ લેતા લોકો દ્વારા ગૌરવ અને આદર સાથે વ્યવહાર થવાનો હક્ક ધરાવો છો.

આમાં નાણાંકીય ભંડોળ ધરાવતી વૃદ્ધ સંભાળ સેવાઓનો ઉપયોગ કરવાના તમારા હક્કનો સમાવેશ થાય છે જે:

- તમારી ઓળખ, સંસ્કૃતિ અને પૃષ્ઠભૂમિનું મૂલ્ય અને સમર્થન કરે
- કોઈપણ આઘાત વિના, તમારા અનુભવનો આદર કરે
- સુલભ હોય અને તમારી જરૂરિયાતો પૂર્ણ કરે
- હિંસા, દુર્વ્યવહાર અને ઉપેક્ષાથી મુક્ત હોય.

હક્કોના નિવેદન અંગે અમારી વેબસાઈટ ઉપર **વધુ શોધી કાઢો**

## તમારા હક્કોને જાળવી રાખવામાં આવે છે તેની ખાતરી કેવી રીતે કરવી

તમારા પ્રદાતાએ હક્કોના નિવેદનને સમજવું જોઈએ અને પાલન કરવું જોઈએ. જો તેઓ તેવું કરતા નથી તો, તમે તેમની પાસે તમારી ચિંતા રજૂ કરી શકો છો અથવા તેમની પાસે ફરિયાદ કરી શકો છો. બાબતોનો ઉકેલ લાવવા માટેની આ મોટાભાગે સૌથી સરળ અને સૌથી ઝડપી રીત છે.

તમે તમારી ચિંતા રજૂ કરી શકો છો અથવા કમ્પ્લેઈંટસ કમિશનર પાસે ફરિયાદ કરી શકો છો:

- **1800 951 822** ઉપર સવારે 9 - સાંજે 5 વાગ્યા વચ્ચે સોમવારથી શનિવાર.
- તમારા પાટનગર શહેરમાં Aged Care Quality and Safety Commission, GPO Box 9819
- www.agedcarequality.gov.au ઉપર ઓનલાઈન
- info@agedcarequality.gov.au

જો તમારે એક દુભાષિયાની જરૂર હોય તો, **1800 951 822** ઉપર અમને કોલ કરો અને એક દુભાષિયાની વ્યવસ્થા

કરવા અમને જણાવો. તમે ટ્રાન્સલેટીંગ એન્ડ ઈન્ટરપ્રેટીંગ સેવાઓ (TIS) – **131 450** ને કોલ પણ કરી શકો છો અને તમારા માટે અમને કોલ કરવા તેમને જણાવી શકો છો.

જો તમને ફરિયાદ કરવા કે માહિતી શોધવામાં મદદની જરૂર હોય હોય તો, મફત, સ્વતંત્ર અને ગોપનીય મદદ માટે Older Persons Advocacy Network (ઓલ્ડર પર્સન્સ એડવોકેસી નેટવર્ક) (OPAN)નો સંપર્ક કરો. **1800 700 600** ઉપર એજેડ કેર એડવોકેસી લાઈનને કોલ કરો.